જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૦૬/૨૦૨૩ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૦૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૩૬૨ લીટર દેશી દારૂ, ૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૯૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૭ બિયર ટીન. ૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૦૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૦૦૭/૨૦૨૩

**ઓઢવઃ** વિઠ્ઠલભાઈ પરસોતમદાસ પટેલ (ઉ.વ.૬૭) (રહે.વલ્લભનગર સોસાયટી હર્ષદ ચેમ્બર સામે ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૨૧/૦૬/૨૦૨૩ કલાક ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની લોખંડની બારીના સળિયા કાપી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩,૮૯,૮૦૦/- અને રોકડ રૂપિયા ૩,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૩૯,૮૦૦/- મતાની તેમજ તેમજ પાડોશીના મકાનમાંથી તિજોરીનું લોક તોડી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.કંડોરીયા ચલાવે છે.

**કાલુપુરઃ** રીનાબહેન વા/ઓ ચેતનભાઇ દરજી (રહે. દેવશાહનો પાળો દેરાસર વાળો ખાંચો સ્વામિનારાયણ મંદિર રોડ કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૩ બપોરના ૪/૩૦ થી તા.૨૧/૦૬/૨૦૨૩ સવારનાં ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ કાલુપુર પોલીસ ચલાવે છે.

**નિકોલઃ** આશાબહેન વા/ઓ રાજેન્દ્રભાઇ બડગુજર (રહે. બાપા સીતારામની વાડી સામે નવદુર્ગાનગર ખોડીયારનગર નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૨૧/૦૬/૨૦૨૩ સવારના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ શ્રી પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૮/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** સુર્યકાંત ચીમનલાલ શાહ (ઉ.વ.૮૮) (રહે. રત્નદીપ સોસાયટી નિગમ સોસાયટી પાસે વટવા) એ બિમારીથી કંટાળી તા.૨૧/૦૬/૨૦૨૩ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે એલિસબ્રિજ પાસે રિવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**ચાંદખેડાઃ** સંદિપકુમાર સ/ઓ અશોક મુનીયા (ઉ.વ.૩૪) (રહે.શરણ-૨ ધનવિહાર સોસાયટીની બાજુમાં ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૬/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

**નરોડાઃ** શૈલેષકુમાર લક્ષ્મણભાઈ મકવાણા (ઉ.વ.૪૨) (રહે. સપ્તક વિહાર ફ્લેટ ગણેશ વાટીકા ફ્લેટ સામે નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૬/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

**નિકોલઃ** અરવિંદભાઇ નારાયણભાઇ હયાણી (ઉ.વ.૫૭) (રહે. અંકુર રો હાઉસ ન્યુ ઇન્ડીયા કોલોની નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૨૦/૦૬/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિંહ ચેહરસિંહ ચલાવે છે.

**રામોલ**ઃ પ્રીતીકાબહેન ડો/ઓ વિનોદચન્દ્ર ચૌહાણ (ઉ.વ.૪૫) (રહે. સુખરાય મહાદેવ સોસાયટી મેટ્રો પીલ્લર નંબર ૧૫૮ સામે વસ્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૬/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૬/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

**વટવા**ઃ નસરા વા/ઓ ઉમરઇમરાન શેખ (ઉ.વ.૨૩) (રહે. બ્લોક નંબર- ૧/૧૧ સદભાવનાનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૬/૨૦૨૩ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પિતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.પી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી